Accredited Grade "B" by NAAC
(4th Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.-એસ.ટી.સેલ,યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,રાજકોટ -૩૬૦૦૦૫
ફોન નં.:-(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ / એક્સટે. નં. ૨૧૨
ઈ-મેઈલ : scstcell@sauuni.ac.in

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૧૯૯૨૬/૨૦૨૨ તા.૧૧/૦૩/૨૦૨૨

વિષય:- અનુસુચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ની વર્ષ ૨૦૨૧-૨૨ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ :- જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, રાજકોટ ના તા. ૦૭-૦૩-૨૦૨૨ ના પત્ર ક્રમાંક:નં. અજાક/પોમેસ્કો/૨૦૨૧-૨૨/૧૦૫૦

## પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ (રાજકોટ જીલ્લો) તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, અનુસુચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ની વર્ષ ૨૦૨૧-૨૨ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા સંદર્ભ પરના પત્રથી જણાવવામાં આવેલ છે. સદરહુ કચેરી તરફથી વારંવાર જણાવવા છતાં ઓનલાઈન દરખાસ્ત મોકલવામાં આવતી નથી તેમજ હાર્ડકોપી પણ મોકલવામાં આવતી નથી, જે યોગ્ય નથી. વિદ્યાર્થીઓ ના હિત ને ધ્યાને લઇ સંદર્ભ પત્રમાં દર્શાવેલ વિગતે કાર્યવાહી પૂર્ણ કરવા વિનંતી કરવામાં આવે છે.

<u>બિડાણ :</u>
સંદર્ભિત પત્રની નકલ

નાયબકુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) માન્ય સંસ્થાઓ ના વડાઓ (રાજકોટ જીલ્લો)
(૩) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

**નકલ સાદર રવાના :**
માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ અર્થે :**
(૧) જોડાણ વિભાગ
(૨) પી. જી. વિભાગ
(૩) આંકડા સેલ
(૪) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર પ્રસિધ્ધિ અર્થે.)
(૫) જિલ્લા નાયબ નિયામકશ્રી
અનુ.જાતિ કલ્યાણ,
૬/૧ બહુમાળી ભવન,
રાજકોટ.

ટોચઅગ્રતા

નં.અજાક/પોમેસ્કો/૨૦૨૧-૨૨/ ૭૫૦
નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ
૬/૧ બહુમાળી ભવન, રાજકોટ
ફોન નં ૦૨૮૧-૨૪૪૪૯૦૨
Email:-swo-raj@gujarat.gov.in
તા. ૦૭/૦૩/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટારશ્રી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

વિષય: અનુસૂચિત જાતિના વિધાર્થી/વિધાર્થીનીઓની વર્ષ ૨૦૨૧-૨૨ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિની કામગીરી તાત્કાલિક પુર્ણ કરવા બાબત.
સંદર્ભ:- નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરના તા.૨૫/૦૨/૨૦૨૨ ના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૧-૨૨/૨૦૧૦-૨૧૦૮

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, તા.૦૭/૦૩/૨૦૨૨ના રોજ વિડીયો કોન્ફરન્સ મિટીંગમાં માન.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય.ગાંધીનગર દ્વારા આપેલ સુચના મુજબ ચાલુ નાણાકીય વર્ષ/શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અંતર્ગત અત્રેના જિલ્લામાં પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની Digital Gujarat Portal પર મળેલ અરજીઓનું રોજ-રોજ નિકાલ કરવામાં આવે છે આમ, છતાં રાજકોટ જિલ્લામાં ઘણી કોલેજઓ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિની દરખાસ્ત મોકલવામાં નિરસતા દાખવે છે

વધુમાં અત્રેથી તમામ કોલેજોને રોજે-રોજ ટેલીફોનીક જાણકારી આપવામાં આવે છે તેમ છતાં ડિજીટલ ગુજરાતમાં હજુ ઘણી દરખાસ્તો પેન્ડીગ છે, ઘણી કોલેજો તરફથી ઓનલાઇન દરખાસ્ત મોકલતા નથી તેમજ હાર્ડકોપી પણ મોકલતા નથી જેથી આપની કક્ષાએથી તમામ કોલેજોને તાત્કાલીક કામગીરી પુર્ણ કરવાની સુચના આપવી, તેમજ આ બાબતે ઉકત કામગીરી માર્ચ માસના અંત સુધી પુર્ણ કરવાની સુચના હોય, સંદર્ભ પત્ર મુજબ તા.૧૫।૩।૨૨ સમય ૧૨:૦૦ (૫.૦૦ PM) ના રોજ માન.કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગમાં આપશ્રીએ બિન ચુક હાજર રહેવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુ.જાતિ કલ્યાણ રાજકોટ

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લો, રાજકોટ

<u>નકલ સવિનય રવાના:</u>
માન.નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજય.ગાંધીનગર

OPPO A52 ©Kishan